Extra No. 107

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **FRIDAY, APRIL 17, 2026 / CHAITRA 27, 1948**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

**ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ**

નં.એમએજી/ચુટણી પ્રચાર બંધ/વશી૧૧૨૮ થી ૧૧૪૯/૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૬ ની અખબારી યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./ ૧૩ (૬)/ ૦૪૨૦/ ક - ૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતો ની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજય ચૂંટણી આયોગના તા.૦૧/૦૪/૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સીઓસી-૩(૮)- ૦૪૨૦૨૬-ક- ૯૪૧૯ થી ૯૫૪૯ થી ચુંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચુંટણી આયોગનાં આદેશ ક્રમાંક: ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-૬-૯૪૧૯ થી ૯૫૪૯ તા.૦૧/૦૪/૨૦૨૬ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા જિલ્લાની ૧. ડભોઇ નગરપાલિકા ૨.પાદરા નગરપાલિકા ૩. સાવલી નગરપાલિકા ૪. વાઘોડિયા નગરપાલિકા ૫. પાદરા તાલુકા પંચાયત ૬. કરજણ તાલુકા પચાયત ૭. શિનોર તાલુકા પંચાયત ૮.સાવલી તાલુકા પંચાયત ૯.ડભોઈ તાલુકા પંચાયત ૧૦.ડેસર તાલુકા પંચાયત ૧૧. વડોદરા તાલુકા પંચાયત ૧૨.વાઘોડિયા તાલુકા પંચાયત ૧૩. જિલ્લા પંચાયત, વડોદરાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ નિયત થયેલ છે.

મતદાન પુરૂ થવા માટે નિયત સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચુંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચુંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમય ગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચુંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીક્તને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચુંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ વડોદરા જિલ્લાની ૧. ડભોઇ નગરપાલિકા ૨.પાદરા નગરપાલિકા ૩. સાવલી નગરપાલિકા ૪. વાઘોડિયા નગરપાલિકા ૫. પાદરા તાલુકા પંચાયત ૬. કરજણ તાલુકા પંચાયત ૭. શિનોર તાલુકાપંચાયત ૮.સાવલી તાલુકા પંચાયત ૯.ડભોઈ તાલુકા પંચાયત ૧૦.ડેસર તાલુકા પંચાયત ૧૧. વડોદરા તાલુકા પંચાયત ૧૨.વાઘોડિયા તાલુકા પંચાયત ૧૩. જિલ્લા પંચાયત, વડોદરાની સામાન્ય

ચૂંટણી યોજાનાર છે. (વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ વિસ્તાર સિવાય ના વિસ્તારોમાં)

૧. મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચુંટણી પ્રચાર કરવા ઉપર અને,

૨. પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

**બી. એસ. પટેલ,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વડોદરા

---

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩**

નં.એમએજી/મુદ્રણ પ્રકાશક/વશી/૧૩૯૮ થી ૧૪૧૯/૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૬ ની અખબારી યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./ ૧૩ (૬)/૦૪૨૦/કે-૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતો ની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજય ચૂંટણી આયોગના તા.૦૧/૦૪/૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સીઓસી-૩(૮)- ૦૪૨૦૨૬-ક- ૯૪૧૯ થી ૯૫૪૯ થી ચુંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર ધ્વારા/ કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક: ઈએલસી સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા.૦૧/૦૪/૨૦૨૬ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા જિલ્લાની ૧. ડભોઇ નગરપાલિકા ૨.પાદરા નગરપાલિકા ૩. સાવલી નગરપાલિકા ૪. વાઘોડિયા નગરપાલિકા ૫. પાદરા તાલુકા પંચાયત ૬. કરજણ તાલુકા પચાયત ૭. શિનોર તાલુકા પંચાયત ૮.સાવલી તાલુકા પંચાયત ૯.ડભોઇ તાલુકા પંચાયત ૧૦.ડેસર તાલુકા પંચાયત ૧૧. વડોદરા તાલુકા પંચાયત ૧૨.વાઘોડિયા તાલુકા પંચાયત ૧૩. જિલ્લા પંચાયત, વડોદરાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ નિયત થયેલ છે.

ચુંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડબીલ, ઉમેદવારો/રાજકીય પક્ષો તરફથી ઉમેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતો વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવા અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર ખંડન કરવા જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સંબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લેવા જરૂરી જણાતા હોય,

હું બી. એસ. પટેલ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ પોસ્ટર પેમ્ફલેટ છાપકામ બાબતે નીચે જણાવેલ વિગતે આદેશ ફરમાવું છું,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(બી) લખાણ છપાયા પછી મુદ્રકએ ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચુંટણી અધિકારશ્રીની કચેરીને મોકલી હોય. આ જોગવાઇ પુરતું,

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકએ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

૩. ચુંટણી અંગેના છાપેલા કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

૪. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચુંટણી અધિકારશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા. ૨૮/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.-

આજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

**બી. એસ. પટેલ,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વડોદરા

---

**ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ**

નં.એમએજી/ચૂંટણી સભા સરઘસ/વશી/૧૪૫૫ થી ૧૪૭૫/૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૬ ની અખબારી યાદી ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./ ૧૩ (૬)/૦૪૨૦/ ક - ૯૬૪૭ થી ૯૭૬૧ થી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતો ની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજય ચૂંટણી આયોગના તા.૦૧/૦૪/૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સીઓસી-૩(૮)- ૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ થી ચુંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચુંટણી આયોગનાં આદેશ ક્રમાંક: ઈએલસી-સીઓસી-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯ તા.૦૧/૦૪/૨૦૨૬ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા જિલ્લાની ૧. ડભોઇ નગરપાલિકા ૨.પાદરા નગરપાલિકા ૩. સાવલી નગરપાલિકા ૪. વાઘોડિયા નગરપાલિકા ૫. પાદરા તાલુકા પંચાયત ૬. કરજણ તાલુકા પચાયત ૭. શિનોર તાલુકા પંચાયત ૮.સાવલી તાલુકા પંચાયત ૯.ડભોઇ તાલુકા પંચાયત ૧૦.ડેસર તાલુકા પંચાયત ૧૧. વડોદરા તાલુકા પંચાયત ૧૨.વાઘોડિયા તાલુકા પંચાયત ૧૩. જિલ્લા પંચાયત, વડોદરાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ નિયત થયેલ છે.

આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ વડોદરા જિલ્લાની ૧. ડભોઈ નગરપાલિકા ૨.પાદરા નગરપાલિકા ૩. સાવલી નગરપાલિકા ૪. વાઘોડિયા નગરપાલિકા ૫. પાદરા તાલુકા પંચાયત ૬. કરજણ તાલુકા પચાયત ૭. શિનોર તાલુકાપંચાયત ૮.સાવલી તાલુકા પંચાયત ૯.ડભોઈ તાલુકા પંચાયત ૧૦.ડેસર તાલુકા પંચાયત ૧૧. વડોદરા તાલુકા પંચાયત ૧૨.વાઘોડિયા તાલુકા પંચાયત ૧૩. જિલ્લા પંચાયત, વડોદરાની સામાન્ય ચૂંટણી (વડોદરા જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ વિસ્તાર સિવાય ના વિસ્તારોમાં) હેઠળના વિસ્તારોમાં,

૧. કોઈપણ વ્યકિત/વ્યકિતઓએ આ હુકમની તારીખથી તા.૨૮/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈ પણ રાજકિય પક્ષ કે ઉમેદવારો ધ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચુંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

૪. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહીં.

૫. ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ બેનર્સ કે કટ આઉટ રાખી શકાશે. આવા

સરઘસમાં પક્ષે/ ઉમેદવારે પુરા પાડેલ ટોપી માસ્ક સ્કાર્ફ વગેરે પહેરી શકશે. પરંતુ પક્ષે પુરા પાડેલ સાડી/ શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહીં.

**:: પરંતુક ::**

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમયાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/ નેતાઓ જેના પર પક્ષનુ પ્રતિક હોય તેવી ટોપી/ મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં:

“લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે, નવરાત્રી ઉત્સવની ઉજવણી માટે કે મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયંથી જતી વ્યકિતઓને.”

આ હુકમનું ઉલ્લંધન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૮/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી ઓપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

**બી. એસ. પટેલ,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વડોદરા

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.03 13:21:21 IST